GJAR060007972024

Presented on : 09-07-2024
Registered on : 09-07-2024
Decided on : 18-08-2026
Duration : 09D-01M-02Y

IN THE COURT OF
PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C
AT ,ARAVALLI
Presided Over by MR.A.A.JANI

CC/648/2024
Exhibit No.

FORM - A

પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એ.એ.જાની સાહેબની કોર્ટમાં, મુકામ – ધનસુરા. ચુકાદાની તારીખ :– ૧૮/૦૮/૨૦૨૬ ક્રિમીનલ કેસ નં. ૬૪૮/૨૦૨૪	
ફરીયાદી	પટેલ મયંકકુમાર નરસિંહભાઈ, રહે.માધરુક ફળી,ધનસુરા, તા.ધનસુરા, જી.અરવલ્લી
ફરીયાદપક્ષે વકીલશ્રી	વાય.એમ.પટેલ
આરોપી	પરમાર બાલાભાઈ જોધાજી, રહે. બુટાલ, ધનસુરા, તા. ધનસુરા, જી. અરવલ્લી.
આરોપીપક્ષે વકીલશ્રી	આઈ.આઈ.મનસુરી

FORM – B

બનાવની તારીખ	
એફ.આઇ.આર. તારીખ	
ચાર્જશીટ કર્યા તા.	
આરોપીનો જવાબ રજુ થયા તા.	૨૦/૦૮/૨૦૨૪
પુરાવો ચાલુ થયા તા.	૨૦/૦૮/૨૦૨૪
ચુકાદો અનામત રાખ્યા તા.	૦૮/૦૭/૨૦૨૬
ચુકાદા તા.	૧૮/૦૮/૨૦૨૬
સજા કરી હોય તો સજા તા.	

આરોપી નં.	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીર નવાન / નિર્દોષ	સજા	સી.આર.પ ી.સી.ક લમ – ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય
૧.	પરમાર બાલાભાઈ જોધાજી, રહે. બુટાલ, ધનસુરા, તા. ધનસુરા, જી.અરવલ્લી.			નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ– ૧૩૮ મુજબ	**તકસીર નવાન**	**૬ માસ**	

FORM – C

ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ તરફે સાહેદ લીસ્ટ

એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

ક્રમ	આંક	નામ	સાહેદનો પ્રકાર
P.W.૧.	૦૪	પટેલ મયંકકુમાર નરસિંહભાઈ	ફરીયાદી

<u>બી. બચાવપક્ષે સાહેદ લીસ્ટ</u>

આંક	નામ	સાહેદનો પ્રકાર
૧.	૩૫	બલાભાઈ જોધાભાઈ પરમાર

<u>સી. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ</u>

આંક	નામ	સાહેદનો પ્રકાર
- -	- -	- -

ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ પક્ષે આંક :

<u>એ./ફરીયાદપક્ષે આંક :</u>

અ. નં.	આંક	વિગત
૧.	૧૦	આરોપીએ આપેલ વાદગ્રસ્ત ચેક નં–૪૦૨૭૧૪
૨.	૧૧	ચેક રીટર્નમેમો
૩.	૧૨	રજી.એડી.પોસ્ટથી નોટીસ કર્યાની પાવતી અસલ
૪.	૧૩	રજી.એડી.પોસ્ટથી નોટીસ કર્યાની સફેદ પાવતી ફરીયાદીએ મોકલાવેલ સદર નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ
૫.	૧૪	ફરીયાદીએ મોકલાવેલ સદર નોટીસ બજી ગયાની

		એકનોલેજમેન્ટ પાવતી અસલ
૬.	૧૫ (ટેન્ટેટીવ)	ચેક બેંકમાં રજુ કર્યાની પાવતીની અસલ નકલ
૭.	૨૬	ગામ નમુનો નંબર–૮–અ ના ઉતારનની કોપી
૮.	૨૭	ગામ નમુના નંબર–૭ ના ઉતારાની કોપી
૯.	૨૮	ગામ નમુના નંબર–૮–અ ના ઉતારા
૧૦.	૨૯	ગામ નમુના નંબર–૭ ના ઉતારા

બી. બચાવપક્ષે આંક :

અ.નં.	આંક	વિગત
– –	– –	– –

સી. કોર્ટ પક્ષે આંક :

અ.નં.	આંક	વિગત
– –	– –	– –

કબજે કરેલ મુદામાલ :

અ.નં.	આર્ટીકલ નંબર	વિગત
– –	– –	– –

Offence punishable under section : Offence punishable under :
138, of NEGOTIABLE INSTRUMENTS ACT, 1881

–: ચુકા દો :–

(૧). **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:–** ફરીયાદી ઉપરોકત સરનામે રહીએ છીએ અને ખેતીનો વ્યવસાય કરી પોતાનું તથા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ આ કામના આરોપી અવર જવર કરતા હોવાથી જેથી ફરીયાદીના સાથે બેસતા હોવાથી આ કામના આરોપી વચ્ચે દસ વર્ષથી મિત્રતાના સબંધથી પરીચીત થયેલ છીએ. ફરીયાદી જોડે અવાર–નવાર ખેતીનો સામાન ખરીદવા ધનસુરા આ કામના આરોપી અવર જવર કરતા બેઠક કાયમી હોવાથી આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતાના સબંધના કારણે આ કામના આરોપીને અંગત જરૂરીયાત માટે રુપિયાની જરુર પડતા આ કામના આરોપીએ માગણી કરતા ફરિયાદીએ રૂ.૧,૫૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ પચાસ

હજાર પુરા) આ કામના આરોપીને હાથઉછીના ફરીયાદીની પોતાની બચતમાંથી રોકડમાં આપેલા જે રકમ માર્ચ/૨૦૨૩ ના રોજ આપેલ છે જે રકમ આ કામના આરોપીએ એક વરસમાં પરત કરવાનું જણાવેલ અને આ કામના આરોપીએ કાયદેસરની લેણી રકમ પરત કરવા સારુ ફરીયાદીએ ઉઘરાણી કરતા લેણી રકમ પરત કરવા આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજનો ચેક આપેલ અને આ કામના આરોપીએ વિશ્વાસ અને ભરોસાથી ફરીયાદીને જણાવેલ કે ચેકની તારીખે ચેક બેંકમાં રજુ કરશો તો ચેકના નાણાં મળી જશે જેથી ફરીયાદીએ આ કામના આરોપીના ચેકનો સ્વીકાર કરેલ છે. જે હાથઉછીની રકમ ચુકવવા આ કામના આરોપીએ આપેલ ચેકની વિગત આ પ્રમાણે છે આ કામના આરોપીએ આપેલ જે ચેક નં. ૪૦૨૭૧૪ નો જે ચેકની કેનેરા બેંક શાખા ધનસુરા જે ચેકની તા.૨૨/૦૪/૨૦૨૪ છે ચેકની રકમ રૂ.૧,૫૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ પચાસ હજાર પુરા)માં સહી કરી ફરીયાદીને આપેલ છે અને ચેકની તારીખે ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ ચોકકસ મળી જશે જેથી ફરીયાદીએ આ કામના આરોપીના ચેકનો સ્વીકાર કરેલ છે. આ કામના આરોપીની સુચના મુજબે ફરીયાદીએ ઉપરોકત જણાવેલ ચેક ફરીયાદીની ખાતાવાળી કેનેરા બેંક ધનસુરા શાખામાં તા. ૩૦/૦૫/૨૦૨૩ ના રોજ ભરતાં સદર ચેક ઓન લાઈન કલીયરન્સ માટે જતાં આ કામના આરોપીની ખાતાવાળી બેંક કેનેરા બેંક ધનસુરામાં જતા તા.૦૪/૦૮/૨૦૨૪ ના રોજ શેરા નં. ૦૧ ` ફંડ ઈનસફીસીયન્ટ `(અપુરતા ભંડોળ) તથા શેરા નં. ૧૦ ડ્રોવર સીગ્નેચર ડીફરના કારણે પરત ફરેલ છે જે અંગેનો રીર્ટન મેમો તથા ચેક સાથે ફરીયાદીની ખાતાવાળી બેંક કેનેરા બેંક શાખા ધનસુરાએ પરત કરેલ છે આમ ફરીયાદીને આ કામના આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસો આપી વિશ્વાસઘાત કરેલ છે અને ચેકમાં જણાવેલ કાયદેસરના લેણાના નાંણા

ફરીયાદીને આજદીન સુધી મળેલ નથી. આ કામના આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૧,૫૦,૦૦૦/- (અંકે ફંડ રુપિયા એક લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને મળેલ નથી અને શેરા નં. ૦૧ ઈનસફીસીયન્ટ `(અપુરતા ભંડોળ) તથા શેરા નં. ૧૦ ડ્રોવર સીગ્નેચર ડીફરના કારણે પરત ફરેલ છે આમ, આ કામના આરોપી જાણતા હોવા છતાં આ કામના આરોપીએ જાણી જોઈને ફરીયાદીને આ કામના આરોપી તેમના ખાતાનો ચેક આપી ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપી વિશ્વાસઘાત અને છેતરપીડી કરેલ છે. જેથી આ કામના આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબે તેમજ ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૦૬ તેમજ ૪૨૦ મુજબનો ગુનો કરેલ છે. સદર આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ચેક રીર્ટન થતા ફરીયાદીએ આ કામના આરોપીને કાયદા મુજબે આપવી પડતી નોટીસ ફરીયાદીના એડવોકેટ શ્રી યોગેશ એમ. પટેલ મારફતે તા. ૦૩ / ૦૬ / ૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને રહેઠાણના સરનામે સદર કાયદેસરના ચેકના નાણાં દિન-૧૫ માં ચુકવી આપવા આ કામના આરોપીને નોટીસ રજી.પો.એડી.થી તાકીદ કરેલ જે નોટીસ આ કામના આરોપીને રહેઠાણના સરનામે તા. ૦૫ / ૦૬ / ૨૦૨૪ ના રોજ નોટીસ બજી ગયેલ છે અને ફરીયાદીએ આ કામના આરોપીને આપેલ નોટીસનો જવાબ પણ આપેલ નથી તેમજ આ કામના આરોપીએ ફરીયાદીને આજદીન સુધી ચેકના નાણાં ચુકવી આપેલ નથી. આમ,આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જેથી આ કામના આરોપી સામે કાયદેસર કરવા તેમની ફરીયાદ છે તથા આ કામના આરોપી પાસેથી ચેકની રકમનુ પુરેપુરુ વળતર ફરીયાદીને અપાવવા અરજ કરેલ છે.

(૨). **કોર્ટ કાર્યવાહી:–**

ત્યારબાદ આ કામે ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપો સબબ સમન્સ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતા, તેઓ તેમના વિ.વ.શ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલ હોય, સી.આર.પી.સી.કલમ– ૨૦૭ અન્વયે ફરીયાદની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૧ હેઠળ આંક – ૦૭ થી પ્લી (સ્ટેટમેન્ટ) રેકર્ડ કરેલ જેમાં આરોપીએ તેમના વિરૂદ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલ છે. આથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩). આરોપી સામેનો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ અન્વયેના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબના વીગતવાર મોખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

મોખીક પુરાવા.

૧	ફરીયાદી પટેલ મયંકકુમાર નરસિંહભાઈ સરતપાસનુ સોગંધનામુ	આંક–૪

દસ્તાવેજી પુરાવા.

અ.નં	**આંક**	**વીગત**
૧	૧૦	આરોપીએ આપેલ વાદગ્રસ્ત ચેક નં–૪૦૨૭૧૪
૨	૧૧	ચેક રીટર્નમેમો
૩	૧૨	રજી.એડી.પોસ્ટથી નોટીસ કર્યાની પાવતી અસલ
૪	૧૩	રજી.એડી.પોસ્ટથી નોટીસ કર્યાની સફેદ પાવતી ફરીયાદીએ મોકલાવેલ સદર નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ
૫	૧૪	ફરીયાદીએ મોકલાવેલ સદર નોટીસ બજી ગયાની

		એકનોલેજમેન્ટ પાવતી અસલ
૬	૧૫ (ટેન્ટેટીવ)	ચેક બેંકમાં રજુ કર્યાની પાવતીની અસલ નકલ
૭	૨૬	ગામ નમુનો નંબર–૮–અ ના ઉતારનની કોપી
૮	૨૭	ગામ નમુના નંબર–૭ ના ઉતારાની કોપી
૯	૨૮	ગામ નમુના નંબર–૮–અ ના ઉતારા
૧૦	૨૯	ગામ નમુના નંબર–૭ ના ઉતારા

(૪). આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક – ૩૦ થી તા. ૦૪/૦૮/૨૦૨૫ ના રોજ ફરીયાદીની સહીથી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૫). આરોપી પક્ષે નીચે મુજબના વીગતવાર મોખીક પુરાવો રજુ કરેલ છે.

મોખીક પુરાવા.

૧	આરોપી બલાભાઈ જોધાભાઈ પરમાર સરતપાસનુ સોગંધનામુ	આંક–૩૫

ત્યારબાદ હાલનું કામ આરોપીના વિશેષ નિવેદન તારીખ ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, આરોપીએ ફરીયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે આ ચેક કોરોના સમયે કોરા આપેલ જેની લેવડ દેવડ પૂરી થઇ ગયેલ છે. ચેકનો દુરુઉપયોગ કરી ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ સદરહું કામ દલીલ પર રાખવામાં આવેલ.

(૬). ફરિયાદ પક્ષે દલીલ :–

હાલના કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રીનાઓ દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલ છે જેમાં ફરિયાદ પક્ષે એવી રજૂઆત કરવામાં આવેલ

છે કે, હાલના કામે ફરિયાદ પક્ષ દ્ધારા પોતે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજ પુરાવા થકી ફરિયાદ પક્ષનો કેસ પુરવાર કરેલ હોય જેથી ફરિયાદી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબ આરોપી વિરુદ્ધ પુરવાર કરવાનો રહેતો તમામ પુરાવો હાલના કામે રજૂ કરેલ હોય જેથી ફરિયાદ પક્ષ દ્ધારા હાલનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં આવેલ હોય આ કામના આરોપીને કસૂરવાર ઠરાવી કાયદા મુજબની મહત્તમ સજા ફરમાવવા તથા ફરિયાદીને ચેકની બમણી રકમ સુધીનું વળતર અપાવવા માટે દલિલ કરેલ છે જે સાંભળી.

(૬.૧). આરોપીપક્ષે દલીલ :–

બચાવ પક્ષે હાલના કામે મૌખિક દલીલ રજુ કરેલ છે જેમા હાલના કામે બચાવ પક્ષે વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા એવી દલીલ કરવામાં આવેલ છે કે ફરિયાદની હકીકત મુજબ ફરિયાદ પક્ષ પોતાનો કેસ શંકા રહીત રીતે પુરવાર કરી શકેલ ન હોય જેથી પુરાવાનો બોજો હાલના કામે બચાવપક્ષ ઉપર તબદીલ થયેલ ન હોય જેથી આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ થઈ શકેલ ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાઈ છોડી મૂકવા માટે દલીલ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના ફરીયાદીની આર્થીક સધ્ધરતા તકરારી ચેકની રકમ આપવા જેટલી પુરવાર થયેલ નથી. વધુમા આ કામના આરોપી તરફે દલીલ કરેલ છે કે, ફરિયાદીએ ફરિયાદમા ચેકની તારીખમા તેમજ રીટન મેમાની તારીખ બાબતે સાચી હકીકત જણાવેલ નથી અને રીટન મેમો તે તારીખનો જોઈએ તો ૧૧ માસ પછીનો આપેલ છે જેથી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તત્વોનુ પાલન થયેલ નથી. તકરારી ચકેમાં આરોપીની સહી નથી. ફરિયાદીએ જાતે ખોટી સહી કરી ખોટી રકમ ભરી ચેક જમા કરાવી દીધેલ છે. આરોપીએ સને–૨૦૧૯–૨૦ મા માત્ર રૂ.૩૦,૦૦૦/– હાથ ઉછીના લીધા હતા એટલે તે રકમ રૂ.૩,૦૦૦/– ના હ પ્તાથી ફરિયાદીને ચુકવી આપેલ છે તેમ છતાં ફરિયાદીએ કોરા ચેકનો

દુરઉપયોગ કરી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. વધુમાં આરોપી તરફે જણાવેલ છે કે ફરિયાદીએ આરોપીનુ પેશન પ્લસ બાઈક પડાવી લીધેલ છે અને રૂ.૨,૦૦૦/- ફરિયાદીને ચુકવી આપતા ફરિયાદીએ બાઈક પરત આપેલ. આ કામે અમો આરોપીનુ કોઈ બાકી લેણુ ફરીયાદીએ લેવાનુ નીકળતુ નથી. ખોટી રીતે તકરારી ચેકો મેળવીને હાલનો ખોટો કેસ કરેલ છે. તેઓ આરોપી તર્ફે સંભવીત બચાવ રજુ કરેલ છે અને ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ છે. જેથી આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭). ત્યારબાદ પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતા હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. **શું આ કામે ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે,** આ કામના આરોપીએ ફરિયાદીના બાકી લેણા પેટે ફરિયાદવાળો ચેક આપેલો અને સદર ચેક ફરિયાદીએ તેઓનું ખાતુ ધરાવતી બેંકમાં રજુ કરતા, આરોપીનો સદર ચેક ક્લીયરન્સમાં જતાં, સદરહું ચેક “ફંડ ઈનસફીસીયન્ટ” ના કારણે પરત થયેલો અને જે અંગે આરોપીને કાયદેસરની નોટીસ આપતાં, તે નોટીસની આરોપીને બજવણી થયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા નહિ ચુકવીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૯૮૧ ની કલમ ૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

૩. શું હુકમ?

<u>મુદ્દા અંગેના નિર્ણયો:-</u>

(૮). ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં
૨. નકારમાં
૩. આખરી હુકમ મુજબ

-: કારણો:-

(૯). આ કામે મુદ્દા નં. ૧ તથા ૨ નો પ્રકાર જોતા તેઓ એકબીજા સાથે સંકળાયેલ હોઇ બિનજરૂરી લંબાણ અને પુનરાવર્તન નહિ કરવાના હેતુથી તેમની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના પ્રકરણ – ૧૭ "અપુરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતિ દંડ સજા" માંની કલમ – ૧૩૮, કલમ – ૧૪૨ તથા કલમ – ૧૪૬ સાથે વંચાણે લેતા કલમ – ૧૩૮ માં ખાતામાં અપુરતા ભંડોળના કારણે ચેકનો અસ્વીકાર, કલમ – ૧૪૨ માં ગુનાઓનું કોગ્નીઝન્સ લેવા બાબત તથા કલમ – ૧૪૬ માં બેંકની સ્લીપની કેટલીક હકીકતો અંગેનું પ્રથમ દર્શનીય પુરાવો હોવા બાબતની સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, સદર કેસ મુજબનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામં અપુરતાં ભંડોળના કારણે પરત થયેલ હતો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને
મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકના નાણા ૧૫ દિવસની સમયમર્યાદામાં આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલા નથી.

(૧૦). વધુમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ – ૧૧૮(એ) તથા કલમ – ૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ – ૧૧૮(એ) ની જોગવાઇ અનુસાર જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ – ૧૩૯ ની જોગવાઇ વંચાણે લેવામાં આવે તો, જ્યાં સુધી વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ – ૧૩૮ ની જોગવાઇ અનુસાર તેમના કાયદેસરના દેવા કે જવાબદારીની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોક્ત બંને કલમો હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઇ શકે. પરંતુ બંને જોગવાઇઓમાં "વિરૂદ્ધનું સાબિત ન થાય તો" તેવા શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલે કે આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં "વિરૂદ્ધનું સાબિત ન થાય" તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે.

118. ***Presumptions as to negotiable instruments****.Until the contrary is proved, the following presumptions shall be made:*

(a) ***of consideration****.that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;*

(b) ***as to date****.that every negotiable instrument bearing a date was made or drawn on such date;*

(c) ***as to time of acceptance****.that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*

(d) ***as to time of transfer****.that every transfer of a negotiable instrument was made before its maturity;*

(e) ***as to order of indorsements****. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;*

(f) ***as to stamp****.that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;*

(g) ***that holder is a holder in due course****.that the holder of a negotiable instrument is a holder in due course:*

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration,

the burden of proving that the holder is a holder in due course lies upon him.

***139. Presumption in favour of holder**. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.*

(૧૧). વધુમાં આ કામે ક્યા–ક્યાં સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો **"હિતેન પી. દલાલ વિ. બ્રતીન્દ્રનાથ બેનરજી જે** ***AIR 2001 SUPREME COURT 3897*** જેનો ચુકાદો રીફર કરવો જરૂરી હોય તે નીચે મુજબ છે.

***Section 139** provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such*

a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material

> *before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.*

(૧૧.૧). આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ ચુકાદા મુજબ તેવા અનુમાનોનું ખંડન કરવાનો પુરાવાનો બોજો આરોપીના શિરે રહે છે. આરોપીએ આવા અનુમાનો ખંડન કરવા ખુબ મજબુત, કોઝન્ટ અને રીલાયેબલ પુરાવો રજુ કરીને અથવા તો ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલા વ્યવહારમાં શંકા ઉભી કરીને કરવાનું હોય છે. માત્ર લુલો બચાવ લેવાથી કે મૌખિક રીતે કે ફરિયાદ હકીકતને ડીનાઇલ કરવાથી ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯ ના પ્રાવધાનોનું ખંડન થઇ શકે નહીં.

(૧૨). આ કામે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૮૮૧ ની કલમ – ૧૩૮ ની આદેશાત્મક જોગવાઇઓનું પાલન કરેલ છે કે કેમ તે જોવુ જરૂરી છે. જેથી આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલત દ્બાર અર્પણા એ શાહ વિરૂદ્ધ શેઠ ડેવલપર્સ પ્રા.લી. (૨૦૧૩) ૮ એસ.સી.સી. પેજ નંબર ૭૧ ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પારા નંબર ૮ ઉપર નીચે મુજબ ચર્ચા કરેલ છે.

> *8)In order to constitute an offence under Section 138 of the N . I . Act ,this Court , in Jugesh Sehgal vs . Shamsher Singh Gogi , (2009) 14 SCC 683, noted the following ingredients which are required to be fulfilled :*
>
> *(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account ;*
>
> *(ii) the cheque should have been issued for the discharge , in whole or in part , of any debt or other liability ;*

(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier ;

(iv) that cheque is returned by the bank unpaid , either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank ;

(v) the payee or the holder in due course of the cheque makes a de-mand for the payment of the said amount of money by giving a notice in writing , to the drawer of the cheque , within 30 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid ;

(vi) the drawer of such cheque fails to make payment of the said

amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice .Being cumulative , it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act ."

(૧૩). ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની ઉપરોકત જોગવાઈ જોવામાં આવે તો, કલમ ૧૩૮ મુજબ તેમા સ્પષ્ટ જણાવે છે કે, જયારે સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈપણ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા પૈકીનો ચેક લખી આપેલ અને સદર ચેક આપતી વખતે ચેકમાં લખેલ રકમ અને તારીખ અંગે ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૧૮ અને ૧૩૯ ની કલમ ની જોગવાઈ જોતા ચેક ધારણ કરનારની તરફેણમાં ઉપરોકત તારીખે તેટલા અવેજ પેટેનો ચેક હતો તેવુ માની લેવાનું સ્પષ્ટ

જણાવેલ છે. આમ ફરીયાદીની તરફેણમાં કાયદાકીય જે અનુમાન કરવામાં આવે છે તેનું ખંડન કરતો પુરાવો આરોપીએ બચાવ સંભાવનાની પ્રબળતા એટલ કે, પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીજના સિધ્ધાંતને ધ્યાનમાં રાખી પુરાવાર કરવાનો રહે છે. સદર અનુમાનને ખંડન કરવા માટે આરોપીએ વીટનેશ બોક્ષમાં આવીને પુરાવો આપવાની જરૂર નથી. ફરીયાદપક્ષના પુરાવામાંથી તેમજ કેસના સંજોગોને આધાર રાખીને પણ આરોપી કાયદાકીય અનુમાનનું ખંડન કરતી હકીકત અદાલતને બતાવી શકે છે. એટલે કે, ફરીયાદીને ચેક આપેલ તે સમયે આરોપીનું કોઈપણ પ્રકારનું દેવુ હતુ નહી કે ફરીયાદીનું આરોપી પાસે કોઈપણ પ્રકારનું લેણું અસ્તિત્વમાં હતુ નહી. સાથોસાથ એ હકીકત પણ હાલના તબકકે નોંધવી જરૂરી છે કે વૈધ્યાનીક અનુમાનનો માત્ર ઈન્કાર કરવામાં આવતો હોય તો તે અનુમાનનું ખંડન કરેલ છે તેવુ કહેવાય નહી. આરોપીએ ફરીયાદીને ચેક જવાબદારી કે દેવા પેટે આપેલ નથી તેવુ પુરવાર કરતો સચોટ અને સબળ પુરાવો આપવો પડે. અને જો આરોપી વિરૂદ્ધનો પુરાવો આપવામાં નિષ્ફળ રહે તો કાયદાની કલમ – ૧૧૮ અને કલમ – ૧૩૯ નું વૈધાનીક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને તે અનરીબટેડ રહે છે.

(૧૪). વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે **Rangappa V / Sri Mohan , (2010) 11 SCC 441** ના ચુકાદામાં કલમ ૧૧૮ અને ૧૩૯ ના વૈધાનીક અનુમાનને લગતા મહત્વના સિધ્ધાંતો પ્રતિપાદીત કરી તે અંગે વિવિધ માર્ગદર્શક સિધ્ધાંતોની વિગતે ચર્ચા તથા અવલોકન નીચે મુજબ કરેલ છે.

> *“**26**. In the light of these extracts , we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability . To that extent , the impugned observations in Krishna Janardhan Bhat may not be correct . However , this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the specific*

facts and circumstances therein . As noted in the citations , this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested . However , there can be no doubt that there is an initial presumption which favours the complainant .

27. *Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improv-ing the credibility of negotiable instruments . While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques , the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation . However , it must be re-membered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions . In such a scenario , the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant - accused cannot be expected to discharge an unduly high standard of proof .*

28.*In the absence of compelling justifications , reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden .Keeping this in view , it is a settled position that when an accused has to rebut the presumption under section 139, the standard of proof for doing so is that of " preponderance of probabilities ". Therefore , if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or*

liability , the prosecution can fail . As clarified in the citations , the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his / her own ."

(૧૫). તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટની ફુલ બેંચે **Triyambak S.Hegde Vs. Sripad, Criminal Appeal Nos.849-850 of 2011 Dtd.23/09/2021** ના રોજ ચુકાદો આપેલ છે જે ચુકાદાના પેરા નંબર ૧૧,૧૨,૧૩ માં કાયદાની કલમ –૧૧૮ અને ૧૩૯ અંગે નીચે મુજબની ચર્ચા કરેલ છે.

***(11)**.From the facts arising in this case and the nature of the rival contentions , the record would disclose that the signature on the documents at Exhibits P -6 and P -2 is not disputed . Exhibit P -2 is the dishonoured cheque based on which the complaint was filed . From the evidence tendered before the JMFC , **it is clear that the respondent has not disputed the signature on the cheque** . If that be the position , as noted by the courts below a presumption would arise under Section 139 in favour of the appellant who was the holder of the cheque . Section 139 of the N . I . Act reads as hereunder : -*

"139. Presumption in favour of holder- It shall be presumed

unless the contrary is proved , that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge , in whole or in part , of any debt or other liability ."

***(12).** Insofar as the payment of the amount by the appellant in the context of the cheque having been signed by the respondent , the presumption for passing of the consideration would arise as provided under Section 118(a) of N . I . Act which reads as*

hereunder :

"118. Presumptions as to negotiable instruments – Until the contrary is proved , the following presumptions shall be made :-

(a) of consideration – that every negotiable instrument was made or drawn for consideration , and that every such instrument , when it has been accepted , indorsed , negotiated or transferred , was accepted , indorsed , negotiated or transferred for consideration ."

***(13)**. The above noted provisions are explicit to the effect that such presumption would remain , until the contrary is proved . The learned counsel for the appellant in that regard has relied on the decision of this court in **K . Bhaskaran vs . Sankaran Vaidhyan Balan & Anr .(1999) 7 SCC 510** wherein it is held as hereunder :-"9. As the signature in the cheque is admitted to be that of the accused , the presumption envisaged in Section 118 of the Act can legally be inferred that the cheque was made or drawn for consideraion on the date which the cheque bears . Section 139 of the Act enjoins on the Court to presume that the holder of the cheque received it for the discharge of any debt or liability . The burden was on the accused to rebut the aforesaid presumption . The Trial Court was not persuaded to rely on the interested testimony of DW -1 to rebut the presumption. The said finding was upheld by the High Court . It is not now open to the accused to contend differently on that aspect ."*

(૧૬). વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચે તાજેતરમાં K.S.Ranganatha v/s Vittal shetty, criminal appeal no. 1860/2011

dated. 8/12/2021 ના રોજ આપેલ ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતના Traiyambak s. Hegde (ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત કરેલ રેશીયોને દોહરાવેલ છે અને પેરા નં. ૧૧ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

> *11. The position of law as noted above makes it crystal clear that when a cheque is drawn out and is relied upon by the drawee, it will raise presumption that it is drawn towards a consideration which is a legally recoverable amount; such presumption of course, is rebuttable by proving to the contrary. The onus is on the accused to raise a probable defence and the standard of proof for rebutting the presumption is on preponderance of probabilities.*

(૧૭). આમ ઉપરોકત ચુકાદાઓમા નામદાર સર્વોચ્ચ અદાલતે સુસ્થાપીત કરેલ સિધ્ધાંતો તેમજ કાયદાકીય જોગવાઇ અને હાથ પરના કેસની હકીકતો અને સંજોગોને નજર સમક્ષ રાખીને પુરાવાનું સમગ્રયતા વિશ્લેષણ કરવામાં આવે તો ફરીયાદીએ તેમનો કેસ પુરવાર કરવા સદર દસ્તાવેજો રજુ કરેલ છે જે જોવામા આવે તો, હાલના કામે ફરીયાદપક્ષ ધ્રારા પોતાની ફરીયાદની હકીકતના સમર્થનમાં રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો હાલના કામે ફરીયાદી ધ્રારા આંક – ૧૦ થી આંક – ૧૪, આંક–૧૫ (ટેન્ટેટીવ) અને આંક – ૨૬ થી આંક – ૨૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે જે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તેનાથી આંક – ૧ ની ફરીયાદ હકીકત મુજબ આંક – ૧૦ થી આરોપીએ આપેલ ચેક નં. ૪૦૨૭૧૪ અસલ તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજનો રૂા. ૧,૫૦,૦૦૦/– નો રજુ થયેલ છે, આંક–૧૧ થી ચેક રીટર્નમેમો તા. ૩૦/૦૫/૨૦૨૦ ના રોજનો રજુ થયેલ છે જેમા ચેક રીર્ટન થયાનું કારણ “ફંડ ઈનસફીસીયન્ટ” તથા ''ડ્રોવર સીગ્નેચર ઈન કમપ્લ ેટ/ઈલેજીબલ/ડીફર/રીકવાયર'' ના શેરા સાથે પરત ફરેલ છે, આંક–૧૨ થી રજી.એડી.પોસ્ટથી નોટીસ આપેલ જે તા.૦૩/૦૬/૨૦૨૪ ની રજુ છે, આં

ક– ૧૩ થી રજી.એડી.પોસ્ટથી નોટીસ કર્યાની સફેદ પાવતી તા.૦૩/૦૬/૨૦૨૪ ના રોજની રજુ છે,આંક – ૧૪ થી ફરીયાદીએ મોકલાવેલ સદર નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ રજુ થયેલ છે, આંક–૧૫ (ટેન્ટેટીવ) થી ચેક બેંકમાં રજુ કર્યાની પાવતીની અસલ નકલ તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજની રજુ થયેલ છે,આંક–૨૬ થી ગામ નમુનો નંબર–૮–અ ના ઉતારનની કોપી રજુ થયેલ છે, આંક–૨૭ થી ગામ નમુના નંબર–૭ ના ઉતારાની કોપી રજુ થયેલ છે, આંક–૨૮ થી ગામ નમુના નંબર–૮–અ ના ઉતારા રજુ થયેલ છે આંક–૨૯ થી ગામ ગામ નમુના નંબર–૭ ના ઉતારા રજુ થયેલ છે, તથા જે મહદઅંશે તેમની ફરીયાદને અનુરૂપ આપેલ છે જેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવતું નથી. જેમાં ફરીયાદની તમામ હકીકતો વણી લીધેલ હોઈ જેથી તેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવેલ નથી. જ્યારે આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે શબ્દસ: નીચે મુજબ છે,

'' સવાલ:–આરોપીને તમે કેટલા સમય થી ઓળખો છો?.

જવાબ:–૧૦ વરસથી.

સવાલ:–આરોપી સાથે તમારી ઓળખાણ કઈ રીતે થઈ હતી?

જવાબ:–તેમના મામાનુ ઘર અમારા ઘરની પાછળ છે.

સવાલ:–તમે શું ધંધો કરો છો?

જવાબ:–ખેતી અને પશુપાલન.

સવાલ:–આરોપી કઈ તારીખે તમારી પાસે નાણા લેવા માટે આવ્યા હતા?

જવાબ:–તારીખ યાદ નથી પરંતુ માર્ચ–૨૦૨૩ માં આવ્યા હતા.

સવાલ:–આરોપીને કયા કારણોસર નાણાની જરૂર હતી?

જવાબ:–ખેતી કામ માટે જરૂર હોવાનુ કહ્યુ હતુ.

સવાલ:–આરોપીએ તમારી પાસે કેટલા રૂપીયાની માંગણી કરી હતી?

જવાબ:–રૂ.૧,૫૦,૦૦૦/–

એ વાત ખરી છે કે આરોપીએ મારી પાસે પૈસાની માંગણી કરી એટલે તરત પૈસા આપી દીધા હતા ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી રોવા જેવો થઈ ગયો હતો તેથી કલાક પછી પૈસા આપ્યા હતા.

સવાલ:–આરોપીને પૈસા આપ્યા તેની નોંધ કોઈ ચોપડા કે રજીસ્ટર માં કરી હતી?

જવાબ:– ના.

સવાલ:–આરોપીને કઈ જગ્યાએ જઈને પૈસા આપ્યા હતા?

જવાબ:–ખેતરમાં આપ્યા હતા.

એ વાત ખરી છે કે આરોપી પૈસા લેવા માટે મારી પાસે ખેતરમાં આવ્યા હતા ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે ફોન આવ્યો હતો મે ખેતરમાં આવવાનું કહ્યું હતુ.

સવાલ:– આ પૈસા આપ્યા પછી આરોપીએ તમને કાઈ કહ્યુ હતુ?

જવાબ:– એક વરસમાં પૈસા પાછા આપી દેવાનુ કહ્યુ હતુ.

એ વાત ખરી નથી કે મે આરોપીને જે દિવસે પૈસા આપ્યા હતા તે દિવસે આરોપીએ મને કોરો ચેક આપ્યો હતો.

સવાલ:– તમારી માલીકીની કેટલી જમીન છે?

જવાબ:– ૭ થી ૮ વીઘા.

એ વાત ખરી છે કે મારી જમીનના કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી.

સવાલ:– આ આધાર પુરાવા રજુ કરવા તૈયાર છો?

જવાબ:– પિતાજીના નામે છે જે હુ રજુ કરવા તૈયાર છુ.

સવાલ:–કેટલા સમયમાં રજુ કરશો?

જવાબ:– આગલી મુદતે.

એ વાત ખરી નથી કે આંક–૧૦ વાળા ચેકમાં આરોપીની સહી

સિવાયની વિગતો મે ભરી છે ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે મે ખાલી નામ લખ્યુ છે સહી તથા રકમ આરોપીએ ભરી છે.એ વાતન ખરી નથી કે આરોપીની સહી મે કરી છે.એ વાત ખરી છે કે ચેક સાથે ભરેલી પાવતી. મે મારી જાતે મારા હસ્તાક્ષરમાં ભરી હતી.એ વાત ખરી નથી કે પાવતી ના અક્ષરો અને ચેકના અક્ષરો એક જ વ્યકિતના છે.એ વાત ખરી છે કે આંક-૧૨ થી રજુ નોટીસમાં રીટર્ન મેમાની તારીખમાં તા.૪/૮/૨૪ માં ચેકચાક કરી તા.૩૦/૫/૨૪ લખેલ છે.એ વાત ખરી છે કે આંક-૧૪ થી રજુ એકનોલેઝમેન્ટ પાવતીમાં આરોપીની સહી નથી.એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં પેરા-૩ માં એવુ લખેલ છે કે આરોપીની ખાતાવાળી બેન્ક ધનસુરામાં જતા તા.૪/૮/૨૪ ના રોજ શેરા નં.૧ ફંડ ઈનસફીસીયન્ટ અને શેરા નં.૧૦.ડ્રોવર સીગ્નેચરના કારણે પસ્ત થયેલ છે જે અંગેનો રીટર્ન મેમો તથા ચેક સાથે અમો ફરીયાદીની ખાતાવાળી બેન્ક કેનેરા બેન્ક શાખા ધનસુરા એ પરત કરેલ છે.એ વાત ખરી છે કે મે મારી સોગંદ ઉપર રજુ કરેલી આંક-૪ વાળી સરતપાસના પેરા નં.૩ માં મેમાની તારીખ ૩૦/૫/૨૪ જણાવેલ છે.એ વાત ખરી છે કે આરોપીના મામાનુ ઘર અમારા ઘરની નજીક હોવાથી અવર-જવર કરતા હોવાના કારણે આરોપીને ઓળખતો હોવાની હકીકત મે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનમામાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે આરોપી પૈસા લેવા આવ્ય ત્યારે રોવા જેવા થઈ ગયા હતા તેથી કલાક પછી પૈસા આપ્યા હતા તેવી હકીકત મે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનમામાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે આરોપીનો ફોન આવતા મે આરોપીને ખેતરમાં આવવાની હકીકત મે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનમામાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે આરોપીને મે ખેતરમાં પૈસા આપ્યા હોવાની હકીકત મે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનમામાં જણાવેલ નથી.

એ વાત ખરી છે કે મે હાલની ફરીયાદ સિવાય પણ બીજી ફરીયાદો નામ.કોર્ટમાં દાખલ કરેલ છે.એ વાત ખરી નથી કે એક વરસ અગાઉ આરોપીની સ્પ્લેન્ડર બાઈક આરોપી પાસેથી પડાવી લીધી છે.એ વાત ખરી નથી કે મારા અને આરોપી વચ્ચે પૈસાની આવી કોઈ લેવડ–દેવડ થઈ ન હોવા છતા હાલની આ ખોટી ફરીયાદ કરી છે.એ વાત ખરી નથી કે મારી ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી ફરીયાદ આપી છે. ''

(૧૮). હવે બચાવ પક્ષ તર્ફે આંક – ૦૪ વાળા ફરીયાદીની ઉલટતપાસને સમગ્રરીતે જોવામાં આવે તો આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે ઓળખ અંગે તકરાર હોય તેવી હકીકત સમગ્ર ઉલટ તપાસમાંથી કે અન્ય પુરાવામાંથી નીકળી આવતી નથી. આ કામના ફરીયાદીએ આંક – ૧૨ થી આરોપીને કાનુની નોટીસ મોકલાવેલ તેની આરોપીને જાણ થયેલ છે અને આંક – ૧૪ વાળા પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ પાવતી પરથી આરોપીને નોટીસની જાણ થયેલ છે. આમ આરોપીને નોટીસની જાણ થયેલ હોવા છતા તેનો કોઇ જવાબ આપેલ નથી. વધુમા આ કામના આરોપી ધ્વારા તકરારી ચેકમાં સહી બાબતે તકરાર લીધેલ છે જે બાબતે જોઈએ તો આરોપીએ ફરિયાદીની નોટીસમા કોઈ જવાબ આપેલ નથી. તકરારી ચેકમા સહીની ખરાઈ માટે હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલેલ નથી કે તે બાબતે શરૂઆતથી જ બચાવ લઈ ટ્રાયલ દરમિયાન કોઈ અરજી આપેલ હોય તેવુ જણાય આવતુ નથી.વધુમાં ઉલટ તપાસ જે સવાલ કરેલ છે કે, આંક ૧૦ વાળા ચેકમાં આરોપીની સહી સિવાયની વિગતો મે ભરી છે, જેનો નકારમાં ઉતર આપેલ છે, પરંતુ તે સવાલ પરથી આરોપી તર્ફે ગર્ભીત રીતે સહીનો સ્વીકાર કરેલ હોય તેમ માનવાને કારણ રહેલ છે. રીર્ટન મેમો જોતાં તેમાં આંક–૧૧ વાળા રીટન મેમામા ફંડ ઈનસફીસીયન્ટ તથા ડ્રોવર સીગ્નેચર ઈન કમપ્લેટ/ઈલેજીબલ/ડીફર/રીકવાયર નો શેરો આવેલ છે. પરંતુ આ કામના આરોપી તરફે પોતાની સહી ચેકમા નથી તે બાબતે કોઈ

મહત્વની શંકા ઉભી કરી શકેલ નથી કે તે બાબતના કોઈ સાહેદ તપાસેલ નથી. જેથી તકરારી ચેકમા આરોપીની સહી નથી તે બાબતેનો બચાવ ઘ્યાને લેવો જરૂરી જણાતો નથી. આમ, આરોપીએ તકરારી ચેક પોતાના દેવામાંથી મુક્ત થવા કે અન્ય જવાબદારીમાંથી મુક્ત થવા ચેક આપેલ છે, તેવુ અનુમાન અદાલતે કલમ–૧૩૯ મુજબ કરવાનુ રહે છે. જ્યારે આરોપીએ, ફરીયાદીને આપેલ તકરારી ચેક ફરીયાદીના કોઈ લ્હેણા પેટે આપેલ નથી, તેવી હકીકત સચોટ, વિવશ્વાસપ્રેરક પુરાવો રજુ કરીને પુરવાર કરવાની હોય છે.

હવે આ કામે બચાવપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી વૈધાનિક અનુમાનને ખંડન કરતી કોઈ જ હકીકત અદાલતને બતાવી શકેલ છે કેમ તે અદાલતને જોવાનુ હોય છે અને જો ઉલટ તપાસમાંથી એવી હકીકત નીકળી આવતી હોય કે જેને કારણે અદાલત એવુ માનવા પ્રેરાય કે આરોપીએ તકરારી ચેક પોતાના દેવા કે જવાબદારીમાંથી મુક્ત થવા આપેલ નથી. તો આવા સંજોગોમાં આરોપી, ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ કાયદાકીય અનુમાનનુ ખંડન કરવામાં સફળ રહેલ છે તેવુ કહી શકાય.

આમ, ઉપરોક્ત કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતને નજર સમક્ષ રાખીને ફરીયાદીની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસને સમગ્રરીતે જોવામાં આવે તો આ કામના આરોપી તરફે તકરારી ચેકમાં પોતાની સહી બાબતે ઈન્કાર કરેલ છે પરંતુ તે બાબતે કોઈ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. તકરારી ચેક આરોપીના ખાતાનો ન હોવા બાબતેનો ઈન્કાર કરેલ નથી. જેથી કાયદાકીય રીતે ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે.

(૧૯). આ કામના આરોપી તરફે આરોપીએ જાતે આંક–૩૫ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં સરતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ધનસુરા મારૂ મોસાળ થતુ હોવાથી આ કામના ફરીયાદીને હુ ઓળખુ છુ.આ કામના ફરીયાદી ફાઈનાન્સનો ધંધો કરે છે.આ કામના ફરીયાદી પાસેથી મે કોરોના સને–૨૦૧૯–૨૦ સમયે ૧૦ ટકાના વ્યાજે રૂ.૩૦,૦૦૦/– હાથ ઉછીના લીધા હતા.આ પૈસા હુ દર મહીને રૂ.૩,૦૦૦/– ના હપ્તાથી ચુકવતો

હતો. આ રૂ.૩,૦૦૦/– મે ફરીયાદીને છ વરસ સુધી દર મહીને આપેલા.આ છ વરસ સુધી મે ફરીયાદીને પૈસા આપ્યા હતા જેના કારણે અમારે ફરીયાદી ને ચુકવી આપવાના પૈસા ચુકવાઈ ગયા હતા.ફરીયાદી પાસેથી રૂ.૩૦,૦૦૦/– લેતી વખતે અમોએ ફરીયાદીને કોરો ચેક આપ્યો હતો. આંક–૧૦ વાળો ચેક માં જે સહી છે તે સહી મારી નથી.સદર ફરીયાદ બાબતે અમોને જે આંક–૧૨ વાળી નોટીસ આપવામાં આવી હતી તેની આંક–૧૪ વાળી એકનોલેજમેન્ટ સ્લીપમાં મારી સહી નથી આરોપી સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદીએ મારૂ બાઈક પેશન પ્લસ પડાવી લીધુ છે.અમોને આ બાઈક બાબતે ફરીયાદી પાસે માંગણી કરતા રૂ.૨,૦૦૦/– ફરીયાદીને ચુકવી આપતા આજથી આશરે ૨ મહીના અગાઉ અમોને બાઈક પરત આપેલુ.ફરીયાદીએ અમારી સામે જે ફરીયાદ કરી છે તે ફરીયાદ ખોટી છે. **જેની આ કામના ફરિયાદીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરેલ છે જે શબ્દસ: નીચે મુજબ છે.** એ વાત ખરી છે કે આ કેસ સિવાય પણ બીજી મારા વિરૂધ્ધમાં ચેકની ફરીયાદો થયેલી છે જેમાં અમો આરોપી તરીકે હતા.એ વાત ખરી છે કે કેનેરા બેન્કમાં મારૂ ખાતુ છે.એ વાત ખરી છે કે ચેકબુક મે જ છોડાયેલી છે.એ વાત ખરી છે કે મને આજરોજ આંક–૧૦ વાળો ચેક બતાવવામાં આવે છે જે ચેક બાબતે મે કોઈ પોલીસ સ્ટેશને પોલીસ ફરીયાદ કરેલ નથી.મે ધોરણ–૦૫ સુધીનો અભ્યાસ કરેલ છે.એ વાત ખરી છે કે કહેવાતી નોટીસ મને મળેલ છે.એ વાત ખરી છે કે નોટીસ મળવા છતા પણ મે આજદીન સુધી કોઈ નોટીસનો જવાબ આપેલ નથી.એ વાત ખરી નથી કે મારે આંક–૧૦ વાળા ચેકની રકમ આપવી ના પડે એટલે હુ સહીનો ઈન્કાર કરુ છુ.એ વાત ખરી નથી કે મારે ફરીયાદીને આંક–૧૦ વાળી રકમ ના આપવી પડે એટલે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી છે કે આ ચેક બાઈક બાબતનો નથી.

(૨૦). આ કામના આરોપી તર્ફે મુખ્યત્વે એવો બચાવ લીધેલ છેકે, ફરીયાદમાં તથા નોટીસમાં રીર્ટન મેમાની તથા ચેકની તારીખો અલગ અલગ જણાવેલ છે. જે બાબતે ફરીયાદીની ઉલટ તપાસ જોઈએ તો આંક ૧૨ થી રજુ નોટીસમાં રીર્ટન મેમાંની તારીખમાં તા.૦૪.૦૮.૨૦૨૪ માં ચેક ચાક કરી તા.૩૦.૦૫.૨૪ લખેલ છે જે હકીકતનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે.વધુમાં આ કામે ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, ફરીયાદમાં પેરા નંબર ૩ માંએવુ લખેલ છેકે,આરોપીની ખાતાવાળી બેન્ક ધનસુરામાં જતા તા.૪.૦૮.૨૪ના રોજ શેરા નંબર ૧ ફંડ ઈન સફીસીયન્ટ અને શેરા નંબર ૧૦ ડ્રોવર સીગ્નેચર ના કારણે પરત થયેલ છે , વધુમાં સ્વીકરેલ છેકે,આંક ૪ વાળી સરતપાસના પેરા નંબર ૩ માં મેમાની તારીખ ૩૦.૦૫.૨૪ જણાવેલ છે. હવ. ઉપરોકત બચાવ તર્ફે ફરીયાદી તર્ફે એવી દલીલ કરેલ છેકે શરતચૂકથી ટાઈપોગ્રાફીકલ એરર થયેલ છે. સદર બાબતે આરોપી તર્ફે જે દસ્તાવેજોમાં તારીખ બાબતે તકરાર લીધેલ છે તે ડોકયુમેન્ટમાં તારીખ જોઈએ તો અલગ છે પંરતુ તે ટાઈપોગ્રાફીકલ એરર માની શકાય તેમ છે. વધુમાં આરોપી અને ફરીયાદી વચ્ચેના વ્યવહાર બાબતે આરોપી તર્ફે કોઈ મજબુત ખંડન કરેલ ન હોય માત્ર ઉપરોકત ટાઈપોગ્રાફીકલ એરરનો લાભ આરોપીને આપી શકાય તેમ નથી.

(૨૧). વધુમાં આ કામના આરોપી મૌખિક દલીલ કરેલ છેકે, કે, ફરીયાદીની નાણાંકીય સક્ષમતા તકરારી ચેકમાં જણાવેલ રકમ આરોપીને આપવા માટેની નથી. જે બાબતે આ કામે ઉલટતપાસ થયેલ છે તે જોઈએ તો, જેમા આ કામના આરોપીના વિ.વશ્રી ધ્વારા ફરીયાદીને સવાલ કરેલ છેકે,તમે શુ ધંધો કરો છો? તેના જવાબમાં ફરીયાદીએ જણાવેલ છેકે,ખેતી

અને પશુપાલનનો, વધુમાં સવાલ કરેલ છેકે આરોપીએ તમારી પાસે કેટલા રૂપીયાની માંગણી કરી હતી? જેના ઉતરમાં ફરીયાદીએ જણાવેલ છેકે,રૂા.૧ ,૫૦,૦૦૦/–. વધુમાં સુચક સવાલ જોઈએ તો આરોપીને જે દિવસે પૈસા આપ્યા હતા તે દિવસે આરોપીએ મને કોરો ચેક આપ્યો હતો. આમ ગર્ભીત રીતે વ્યવહાર સ્વીકારેલ હોય તેમ માની શકાય છે. વધુમાં સવાલ કરેલ છેકે, તમારી માલીકીની કેટલી જમીન છે તેના જવાબમાં જણાવેલ છેકે,૭ થી ૮ વિઘા. વધુમાં **જોઈએ તો આ કામના આરોપી ધ્વારા શરૂઆતથી જ કોઈ બચાવ આર્થીક સધ્ધરતા બાબતે લીધેલ નથી માત્ર ઉલટતપાસમા આરોપીની નાણાંકીય સ્થિતી નથી તેવો બચાવ લેવા માત્રથી ફરિયાદીની નાણાંકીય સ્થિતી ન માનવાને કારણ નથી. વધુમાં રેકર્ડ જોતાં ફરિયાદી તરફે આંક–૨૬ થી આંક–૨૯ સુધીના રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમાં આંક–૨૬ અને આંક–૨૭ મા આ કામના ફરિયાદીનુ નામ જણાય આવે છે અને સદર ખેતીની જમીનમાંથી ફરિયાદી આવક મેળવતા હોવાનું માની શકાય તેમ છે. આ કામના આરોપીને ફરીયાદી તરફે આપેલ લીગલ નોટીસની જાણ થયેલ હોવા છતાં તે નોટીસનો કોઇ જવાબ આપેલ નથી અને માત્ર ઉલટતપાસમાં ફરીયાદીની આર્થિકતાનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. એટલે કે, આરોપી દ્રારા શરૂઆતથી જ આવો કોઇ બચાવ નોટીસના જવાબ સ્વરૂપે રજુ કરેલ નથી.** વધુમા ઉલટ તપાસ દરમ્યાન આ કામના આરોપી ધ્વારા એવા કોઇ સંજોગો રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદી તકરારી ચેકમાં જણાવેલ રકમ જેટલી આર્થીક સધ્ધરતા ધરાવતા નથી. આરોપી તર્ફે કરેલ સંભવીત બચાવમાં એવા કોઇ સંજોગો કોર્ટને બતાવી શકેલ નથી કે ફરીયાદીની નાણાંકીય સધ્ધરતા બાબતે શંકા ઉભી થઇ શકે. વધુમાં સમગ્ર ઉલટ તપાસ પરથી ફરીયાદીની આર્થીક સધ્ધરતા હોવાનુ માની શકાય તેમ છે.ઉલટ તપાસમાં માત્ર ડીનાઇલ સ્વરૂપનો ઇનકાર કરેલ છે. વધુમાં જયારે આરોપી દ્રારા વ્યવહાર ન થયા બાબતે કોઇ કોઝન્ટ એવીડન્સ કે હકીકત રેકર્ડ ઉપર ન લાવેલ હોય ત્યારે ફરીયાદી ઉપર વધારે પડતું બર્ડન કેસ અન્વયે આપી શકાય તેમ નથી.

જે સદર્ભે કાનુની પરીસ્થીતી જોવામાં આવે તો નામ. સર્વોચ્ચ અદાલતે **TEDHI SINGH Vs . NARAYAN DASS MAHANT AIJEL-SC 67771 SC , 2022(0) - 68544** ના પ્રસીધ્ધ ચુકાદાના પેૈરેગ્રાફ નં.૯ માં એવુ પ્રસ્થાપીત કરેલ છે કે જ્યાં સુધી બચાવપક્ષે ફરીયાદીની આર્થિક સધ્ધરતા બાબતે નોટીસનો જવાબ આપીને પોતાનો બચાવ રજુ કરવામાં આવેલ ન હોય તો તેવા સંજોગોમાં ફરીયાદીને શરૂઆતના તબક્કે પોતાની આર્થિક સધ્ધરતા **Financial Alteration Capacity him in a bank for payment of a certain** બતાવતો પુરાવો આપવાની જરૂર નથી. વધુમાં ઉપરોક્ત ચુકાદાના પેૈરેગ્રાફ નં.૯ માં નામ. સર્વોચ્ચ અદાલતે કરેલ ચર્ચાને ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે,

> *9. The Trial Court and the First Appellate Court have noted that in the case under Section 138 of the N. I. Act the complainant need not show in the first instance that he had the capacity. The proceedings under Section 138 of the N. I. Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity. To that extent the Courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further,*

> *more importantly, achieve this result through the cross examination of the witnesses of the complainant. Ultimately, it becomes the duty of the Courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence.*

ઉપરોક્ત ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે કરેલ અવલોકન ધ્યાને લેતાં સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, જયાં સુધી આરોપી ફરીયાદીએ આપેલ નોટીસના જવાબમાં, આરોપી ફરીયાદીની આર્થિક સધ્ધરતા અંગેની તકરાર ઉપસ્થીત કરે નહી ત્યાં સુધી ફરીયાદી પાસે પોતાની આર્થિક સક્ષમતા બતાવતો પુરાવો રજુ કરવાની અપેક્ષા રાખી શકાય નહી. વધુમાં ઉપરોક્ત ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે એવુ અવલોકન કરેલ છે કે ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેનુ પ્રોસેડીંગ એ સીવીલ સ્યુટ નથી. એટલે કે, ફરીયાદીએ પોતાનુ લ્હેણુ સીવીલ સ્યુટની જેમ સાબિત કરવાનુ હોતુ નથી. પ્રસ્તુત કેસમાં આરોપીએ, ફરીયાદીએ આપેલ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. આરોપી તર્ફે એવી પણ તકરાર નથી કે તેઓને નોટીસની બજવણી થયેલ નથી.આમ આ કેસમાં રજુ થયેલા પુરાવાનુ સમગ્ર રીતે અર્થગટન કરવામાં આવેતો આ કામે ધી નેગો. એકટની કલમ ૧૩૮ ના તત્વોનુ પાલન થયેલાનુ જણાઇ આવે છે જેથી ધી નેગો એકટની કમલ ૧૧૮ અને ૧૩૯ ની જોગવાઇ જોતા ચેક ધારણ કરનારની તરફેણમાં અવેજ પેટેનો ચેક હતો તેવુ અનુમાન કરવાનુ રહેછે અને તે અનુમાનને ખંડન કરતો પુરાવો આરોપીએ લાવવાનો હોય છે. જોકે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ કામના આરોપી અનુમાનને ખંડન કરતો સંભવિત બચાવ રજુ કરવામાં નિષ્ફળ નીવળેલ છે. આમ જયારે ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધ કાયદાકીય જે અનુમાન કરવામાં આવેલ છે તે અનુમાનથી વિરૂધ્ધની હકીકતો આરોપી સંભવિત તેમજ માનવાલાયક પુરાવો રજુ ન કરે તો તેવા સંજોગોમાં

ફરીયાદીના કેસને ન માનવાને કોઈ કારણ નથી.

(૨૨). **આરોપી દ્વારા વધુમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે, તકરારી ચેકમાં સહી સીવાયની વિગતો ફરીયાદએ ભરેલ છે. તકરારી ચેકમાં સહી તથા બોડી રાઈટીંગ અલગ અલગ છે.** આરોપીની તકરાર માટે કાયદાની પરીસ્થિતી જોવામાં આવે તો,સદર બચાવ નામદાર સર્વોચ્ચ અદાલતના ***Bir Singh v Mukesh Kumar, Criminal Appeal No.230-231/ 2019,*** ના ચુકાદાને લક્ષમાં લેતા સદર બચાવ ટકવાપાત્ર નથી. સદર ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, કોઇ વ્યકિત કોરો ચેક સહી કરીને ધારકને આપે અને ચેકના ધારક દ્વારા વિગતો ભરવામાં આવેલ હોય તો પણ જયાં સુધી કલમ – ૧૩૯ ના અુનમાનનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી કાયદેસરના લેણા પેટે ચેક આપેલાનું અનુમાન કરવાનું રહેશે. સદર ચુકાદાના પેરા નંબર ૩૭ અને ૩૮ અત્રે સરળતા ખાતર નોંધવામાં આવેલ છે.

> *"37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.*
>
> *If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."*

(૨૨.૧). આમ નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં સુસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, **રકમની ચુકવણી માટે માત્ર સહી કરી કોરો ચેક આપેલ હોય ત્યારે સહી કરનાર વ્યકિતએ ચેકની બાકીની વિગતો ચેક ધારણ કરનાર વ્યકિતને એટલે કે પેઇને ભરવાની સત્તા આપેલ હોવાનું માની શકાય અને તેવી સત્તાને આધારે ચેકના ધારણકર્તા દ્વારા**

વિગતો ભરવામાં આવેલ હોય તો કેટલા કારણ માત્રથી ચેક અમાન્ય ઠરતો નથી. આમ હાથ પરના કેસમાં આરોપીએ જે બચાવ લીધેલ છે, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીનો બચાવ ટકવાપાત્ર નથી.

(૨૩). આ કામના આરોપી તરફે વધુમાં એવો બચાવ લીધેલ છે કે, તેઓએ માત્ર ૧૦ ટકાના વ્યાજે ફરિયાદી પાસેથી રૂ.૩૦,૦૦૦/– હાથ ઉછીના લીધા હતા અને તે નાણાં લેતી વખતે ફરિયાદીને કોરો ચેક આપેલ હતો તેનો ફરિયાદીએ દુરઉપયોગ કરેલ છે. ઉપરોકત બચાવ પરત્વે આ કામના આરોપીએ આંક–૩૫ મા પોતાની સરતપાસમા હકીકત જણાવેલ છે પરંતુ ફરિયાદીની નોટીસમા કોઈ જવાબ આપેલ નથી કે ફરિયાદીની ઉલટતપાસમા પણ તે બાબતે ચોકકસ સવાલ પુછીને બચાવનુ સ્ટેન્ડ ઉભુ કરેલ નથી. વધુમાં ઉપરોકત બચાવ પરત્વે આ કામના આરોપી તરફે કોઈ મહત્વનો અને ખં ડનાત્મક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. વધુમાં આરોપીની ફરિયાદીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરેલ છે જેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતી નોટીસ મને મળેલ છે અને નોટીસ મળવા છતાં આજદીન સુધી નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીનો શરૂઆતથી જ નોટીસની જાણ થયેલ તેમ છતાં નોટીસનો જવાબ આપેલ નથી અને ઉલટતપાસમા પણ કોઈ મહત્વનો બચાવ રજુ કરેલ નથી. જેથી આરોપીનો ઉપરોકત બચાવ ટકવા પાત્ર નથી.

(૨૪). વધુમા આ કામના આરોપી તરફે એવો બચાવ લીધેલ છે કે, **આ આરોપીને પૈસા આપ્યા તેની નોંધ કોઈ ચોપડા કે રજીસ્ટરમાં કરેલ નથી.** વ્યવહાર બાબતેના કોઇ પુરાવા રજુ કરેલ નથી,આવકનો કોઇ પુરાવો રજુ કરેલ નથી જેથી સદરહું હકીકત ફરીયાદ પક્ષની વિરૂધ્ધમાં જાય છે અને ફરીયાદીના વ્યવહારમાં શંકા ઉભી કરે છે . જે સંદર્ભે નામ. સર્વોચ્ચ અદાલતનો **D K.Chand Wockhard Ltd ors 2020(0) AIJEL-SC 67771 -**

SC 65786 ઉપર પ્રખિસધ્ધ ચુકાદાને આ તબક્કે ધ્યાને લેવો જરૂરી જણાય છે . જેના પૅરેગ્રાફ નં.૮ માં નામ. સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કરેલ છે.

> *(8) As held by the Trial Court as well as by the High Court that the cheque was issued towards the amount due and payable by the appellant for purchase of pesticides. As rightly observed by the High Court production of the account books/cash book may be relevant in the civil court; but may not be so in the criminal case filed under Section 138 of the N.I.Act. This is because of the presumption raised in favour of the holder of the cheque. In view of the concurrent findings recorded by the Trial Court as well as by the High Court we do not see any ground warranting interference with the conviction of the appellant under Section 138 of the N.I.Act.*

(૨૫). વધુમાં આરોપીએ એવી તકરાર ઉપસ્થીત કરેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પોતાની આવકના સ્ત્રોત અંગેની કોઇ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી, જેથી ઉપરોક્ત હકીકતના અભાવે ફરીયાદીના કેસમાં શંકા ઉભી થાય છે , એટલે કે ફરીયાદી અને આરોપી વચ્ચે ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ વ્યવહાર જ થયેલ નથી. એટલુ જ નહી આરોપી તર્ફે એવી તકરાર પણ ઉપસ્થીત કરવામાં આવેલ છે કે , આ કામના ફરીયાદીએ આરોપીને ફરીયાદમાં જણાવ્યા મુજબી રકમ કંઇ તારીખે આપેલ તેવી કોઇ હકીકત ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી અને તે હકીકતનો સ્વીકાર ફરીયાદીએ ઉલટ તપાસ દરમ્યાન કરેલ છે . આમ, ફરીયાદીનુ એડમીશન ધ્યાને લેતાં આ કામના ફરીયાદીએ, આરોપીને ફરીયાદમાં જણાવ્યા મુજબની કોઇ જ રકમ આપેલ નથી તેવુ કહી શકાય. હવે આરોપીએ ઉપસ્થીત કરેલ તકરારના સંદર્ભમાં સુસ્થાપીત સિધ્ધાંત જોવામાં આવે તો ફરીયાદીએ પોતાની આવકના સ્ત્રોતની હકીકત ફરીયાદમાં જણાવવી જરૂરી નથી અને તે બાબતે કાયદાકીય પરિસ્થીતી સ્પષ્ટ કરી નામ .સર્વોચ્ચ અદાલત ધ્વારા **P.**

RASIYA A VERSUS ABDUL NAZER AND ANR. CRIMINAL APPEAL NOS. 1233-1235 OF 2022 (Arising out of SLP (Crl.) Nos. 7430-7432/2022 @ D. No. 13470 of 2019) ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ–૭ માં નીચે મુજબ ઠરાવેલ છે કે ,

> *7. Feeling aggrieved and dissatisfied with the judgment and orders passed by the Appellate Court affirming the conviction of the accused under Section 138 of the N.I. Act, the accused preferred three different Revision Applications before the High Court. By the impugned common judgment and order, the High Court has reversed the concurrent findings recorded by both the courts below and has acquitted the accused on the ground that, in the complaint, the Complainant has not specifically stated the nature of transactions and the source of fund. However, the High Court has failed to note the presumption under Section 139 of the N.I. Act. As per Section 139 of the N.I. Act, it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for discharge, in whole or in part, of any debt or other liability. Therefore, once the initial burden is discharged by the Complainant that the cheque was issued by the accused and the signature and the issuance of the cheque is not disputed by the accused, in that case, the onus will shift upon the accused to prove the contrary that the cheque was not for any debt or other liability. The presumption under Section 139 of the N.I. Act is a statutory presumption and thereafter, once it is presumed that the cheque is issued in whole or in part of any debt or other liability which is in favour of the Complainant/holder of the cheque, in that case, it is for the accused to prove the*

> *contrary. The aforesaid has not been dealt with and considered by the High Court. The High Court has also failed to appreciate that the High Court was exercising the revisional jurisdiction and there were concurrent findings of fact recorded by the courts below.*

(૨૫.૧.). આમ, નામ. સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદાનો ટુંકમાં શારાંશ જોવામાં આવે તો નામ.સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે , ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટએકટની કલમ–૧૩૯ મુજબ જ્યાં સુધી વિરૂધ્ધ નુ પુરવાર ન થાય ત્યાં સુધીં ચેકના ધારણકર્તાએ એ તે ચેક કલમ–૧૩૮ મુજબ સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે મેળવેલ છે . આમ, ફરીયાદી દ્વારા જો એક વખત શરૂઆતના તબક્કામાં પોતાના પુરાવાના બોજાનુ વહન કરે, એટલે કે આરોપી દ્વારા ચેક ઈસ્યુ કરવામાં આવેલ છે અને તે ઈસ્યુ કરેલ ચેક ઉપર પોતાની સહીનો આરોપીએ ઈન્કાર કરેલ ન હોય તો તેવા સંજોગોમાં વિરૂધ્ધ નુ પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર શીફ્ટ થશે કે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપેલ ન હતો. આમ, કલમ–૧૩૯ અન્વયેનુ કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહેશે કે આરોપી દ્વારા જે ચેક ઈસ્યુ કરવામાં આવેલ છે , તે ચેક આરોપીએ પોતાના દેવામાંથી મુક્ત થવા અથવા તો અન્ય જવાબદારી પેટે આપેલ છે અને તેનાથી વિરૂધ્ધનુ આરોપીએ બતાવવાનુ છે . આમ, ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ હોઈ અને તેનાથી વિરૂધ્ધની હકીકત આરોપી બતાવી શકવામાં નિષ્ફળ રહે તો તેવા સંજોગોમાં ફરીયાદીએ તેઓની ફરીયાદમાં પોતાના આવકના સ્ત્રોત અંગેની ચોક્કસ હકીકત ન જણાવે તો પણ તેનાથી ફરીયાદ પક્ષનો કેસ નબળો પડશે નહી. આમ, હાથ ઉપરના કેસની વાત કરવામાં આવે તો ઉપર જણાવ્યુ તેમ આરોપીએ આંક– **૧૦** વાળા તકરારી ચેક ઉપર **પોતાની સહી સ્વીકારેલ છે,** તેમજ ચેકથી વિરૂધ્ધની હકીકતો આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોઈ જેથી આરોપી તર્ફે ફરીયાદીના આવકના સ્ત્રોત અંગેની જે તકરાર ઉપસ્થીત કરેલ છે ઉપર ચર્ચા કરી તે મુજબ તે તકરાર ટકવાપાત્ર નથી.

(૨૬). વધુમાં કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ધી નેગો. ઈન્ટ્રુમેન્ટ એકટના કાયદા અન્વયે અદાલત ફરીયાદી પાસે પોતાનુ લ્હેણુ,દિવાની કેસની જેમ પુરવાર કરવાની અપેક્ષા રાખી શકે નહી. જે સંદર્ભે તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતનો **Uttam Ram V/s Devinder Singh Hudan and ors 2019(0) AIJEL-SC 67771 -SC 65035** ઉપર પ્રસિધ્ધ ચુકાદાને આ તબક્કે ધ્યાને લેવો જરૂરી જણાય છે. જેના પેૈરેગ્રાફ નં.૨૦માં નામ. સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કરેલ છે .

> *20. The Trial Court and the High Court proceeded as if, the appellant is to prove a debt before civil court wherein, the plaintiff is required to prove his claim on the basis of evidence to be laid in support of his claim for the recovery of the amount due. A dishonour of cheque carries a statutory presumption of consideration. The holder of cheque in due course is required to prove that the cheque was issued by the accused and that when the same presented, it was not honoured. Since there is a statutory presumption of consideration, the burden is on the accused to rebut the presumption that the cheque was issued not for any debt or other liability.*

(૨૭). તદઉપરાંત ઉપયુર્કત ચર્ચાના સંદર્ભમા નામદાર સુપ્રિમ કોર્ટએ Trayambak Hegde ઉપરોકત ચુકાદામાં એવું ઠરાવેલ છે કે જયારે આરોપીએ ચેક ઉપરની સહી અંગે કોઈ વાંધો કે તકરાર લીધી ન હોય ત્યારે ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ નો વૈધાનિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોઈ છે. એટલે કે ચેક કાયદેસરના અવેજ પેટે આપેલ છે. હાથ પરના કેસની વાત કરવામાં આવે તો આ કામના આરોપીએ ચેક પર તેમની સહી નથી તેવી કોઈ તકરાર લીધેલ હોઈ તેવી હકિકત સમગ્ર

પુરાવા માંથી જણાઈ આવતી નથી. આમ આરોપીએ જે બચાવ લીધેલ છે તે જોતા કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન માત્ર ઈન્કાર કરેલ છે તેવુ કહી શકાય. એટલે કે આરોપીએ ફરીયાદીને તેની લેણી રકમ આપવાની થતી નથી, જે અત્રેની અદાલતના નમ્રપણે માનવા મુજબ પુરતુ નથી. ઉપરોકત ચર્ચાના સંદર્ભમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં **Rohitbhai jivanlal patel v/s State of gujarat and others AIR 2019 supreme court 1876** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતના *kumar exports v/s sharma carpets.*

ઉપરોકત ચુકાદાના પેરા નં.૨૦ ઉપર આધાર રાખી એવુ ઠરાવેલ છે કે, આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ કાયદાકીય અનુમાનનુ માત્ર ઈન્કાર કરેલ છે. તેમજ આરોપી ધ્વારા રજુ પુરાવાથી તે ખંડનાત્મક હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે આરોપી અને ફરીયાદી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ નથી. તેમજ એવા સંજોગો પણ બતાવી શકેલ નથી કે આરોપીએ દેવામાંથી કે જવાબદારીમાંથી મુકત થવા તેમજ કાયદેસરના લેણા પેટે ચેક આપેલ ન હતો. જેથી આવા સંજોગોમાં આરોપીએ ફરીયાદીના પુરાવાનો માત્ર અસ્વીકાર કરેલ હોઈ તે પુરતુ નથી. હાથ પરના કેસમાં આરોપીએ ફરીયાદીની ઉલટતપાસમાંથી કે અન્ય દસ્તાવેજી પુરાવાથી કે કેસના સંજોગોમાંથી પણ એવી કોઈ જ વિરૂધ્ધની હકિકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેને કારણે ફરીયાદીનો કેસ નબળો પડતો હોઈ, આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. એટલે કે ધી નેગો.ઈન્સ.એકટની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ અન્વયે ને અનુમાન કરવાનું હોઈ તે અનુમાનનું ખંડન થતુ હોઈ, આ કેસના રજુ થયેલ પુરાવાનું સમગ્રપણે અર્થઘટન કરવામાં આવે તો ધી નેગો. એકટની કલમ–૧૩૮ ના તત્વોનું પાલન થયેલ જણાઈ આવે છે. જેથી ધી નેગો.એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈ જોતા ચેક ધારણ કરનારની તરફેણમાં અવેજ પેટેનો ચેક હતો તેનુ અનુમાન કરવાનું હોઈ છે અને તે અનુમાનનો ખંડન કરતો પુરાવો આરોપીએ લાવવાનો હોઈ છે. જો કે ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામના આરોપી હાલના કેસમાં અનુમાનને ખંડન કરતો સંભવિત બચાવ

ઉલટ તપાસ ધ્વારા રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ નિષ્ફળ નિવડેલ છે. આમ જયારે ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધ કાયદાકીય જે અનુમાન કરવામાં આવે છે અને તે અનુમાનથી વિરૂધ્ધની હકિકતો આરોપી સંભવિત તેમજ માનવા લાયક પુરાવો રજુ કરી પુરવાર ન કરે તો તેવા સંજોગોમાં ફરીયાદીના કેસને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

(૨૮). એક વખત ફરીયાદીના તરફેણમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુ. એકટ કલમ– ૧૩૯ નું અનુમાન અમલમાં આવી જાય ત્યારે કોર્ટે એવુ માની આગળની કાર્યવાહી કરવાની હોય છે કે ચેક ખરેખર કાયદેસરનાં લેણાં કે જવાબદારી અર્થે ઈશ્યુ કરેલ હોય. હવે જયારે એકવાર ફરીયાદી તરફેનું અનુમાન કરવામાં આવે ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તે માટે આરોપી તરફે ઉલટ તપાસ દ્વારા કે કોઈ એવા સંજોગો ધ્વારા ફરીયાદીના પુરાવામાં જણાવેલ હકીકતને ખંડન કરતો પુરાવો રજુ રાખવો પડે જે આ કામે રેકર્ડ ધ્યાને લેતાં આરોપી તરફે રજુ કરેલ નથી. આરોપી તર્ફે ઉલટ તપાસમાં માત્ર ડીનાઈલ સ્વરૂપે બચાવ લીધેલ છે, પરંતુ વ્યવહાર બાબતે કોઈ ઈનકાર કરેલ નથી.

(૨૯). આરોપીએ પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત આધારે કરવાનો હોઈ છે. તે માટે આરોપીએ બોક્ષમાં આવવાની જરૂર નથી. પરંતુ ઉલટતપાસ ધ્વારા ખંડનાત્મક હકિકતો રેકર્ડ પર લાવવી જરૂરી બને છે. જો એક વખત આરોપી ધ્વારા ખંડનાત્મક હકિકતો રેકર્ડ પર લાવવામાં આરોપી સફળ બને તો ફરીયાદી પર ઓનસ સીફટ થાય છે. અને તે ઓનસ સીફટ થયા પછી જો ફરીયાદી યોગ્ય ખુલાસો ન કરી શકે તો ખંડન થયેલ હોવાની હકિકત મજબુત બને છે. હાલના કામની જો વાત કરીએ તો આરોપી તરફે કોઈ મજબુત કોઝન્ટ કે રીલાયેબલ પુરાવો રજુ રાખેલ નથી. ઉલટતપાસ ધ્વારા પણ કોઈ ટ્રાન્ઝેકશન કે ચેક બાબતે શંકા ઉદભવી શકે તેવી હકિકત રેકર્ડ પર લાવેલ નથી. જેથી આરોપી તરફે ફરીયાદીના પુરાવાનું

કોઈ ખંડન કરેલ નથી. જેથી આરોપી અને ફરીયાદી વચ્ચે વ્યવહાર થયેલાનું માની શકાય તેમ છે અને તે વ્યવહાર પેટે હાલના આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોઈ તે પુરવાર થાય છે અને તે ચેક કાયદેસરના લેણા પેટે હોઈ તેવુ માની શકાય તેમ છે.

(૩૦). વધુમાં મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ ધી ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. અને **Varkey V/S State, (1989 CrLJ 2357)** ના ચુકાદામા નામદાર વડી અદાલત દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી, અને હાલનો હાથ ઉપરનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવામાં આવેલ નથી. આરોપીને તકસીરવાન ઠરાવતાં પહેલા તેઓને સજા માટે સાંભળવા જરૂરી નથી તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે સદર કેસ સમન્સ ટ્રાયેબલની રીતે ચલાવવામાં આવેલ છે અને સમન્સ ટ્રાયેબલ કેસમાં આરોપીને સજા માટે સાંભળવાની કોઈ જોગવાઈ નથી.

(૩૧). હાલના કેસના કામે આરોપીની પ્લી (જવાબ) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૧ થી સમન્સ ટ્રાયબલ કેસના ફોર્મના સ્વરૂપે લેવામાં આવે છે. તેમજ અત્રેની અદાલત તરફથી આ કામના ફરીયાદીની સરતપાસ સોગંદનામા સ્વરૂપે તથા આરોપી તરફે પણ ફરીયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે આમ, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાના પ્રકરણ–૨૦ અન્વયે સમન્સ ટ્રાયબલ રીતે ચાલે છે. હવે ધી નેગો.ની કલમ–૧૩૮ મા સજા અંગેની જોગવાઈ જોવામાં આવે તો આરોપીને તકસીરવાન ઠરેથી બે વર્ષ સુધીની સજા અથવા ચેકની બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને સાથે એટલે કે સજા અને દંડ

સાથેની સજાની જોગવાઈ કરવામાં આવી છે વધુમાં હાલના આરોપી સામે આર્થીક પ્રકારનો ગુનો આચરવાનો આક્ષેપ હોઈ અને જેને ફરીયાદપક્ષે સાબીત કરેલ હોઈ અને જેના કારણે ફરીયાદીને પણ આથીક નુકસાન થયેલ હોઈ જેથી ફરીયાદીને થયેલ નાણાની નુકસાન પેટે ચેકની રકમ જેટલુ વળતર ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે તો તેને ન્યાયી અને વ્યાજબી ઠરશે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **SUGANTHI SURESKUMA V/S JAJIDAASHAN, 2002 (2) SCC PAGE 420** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર ચુકવવાનો આદેશ કરવામા આવેલ હોઈ ત્યારે વળતર ચુકવવામાં થયેલ કસુર બદલ સજા થઈ શકે છે.

(૩૨). આમ ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની જોગવાઈઓ ધ્યાને લેતા ફરિયાદીના કાયદેસરના બાકી લેણા પેટે આરોપીએ તકરારી ચેક ફરિયાદીને આપેલ હોય જે ચેક ફરિયાદીએ પોતાના ખાતાવાળી બેંકમાં વસુલાત માટે જમા કરાવતા ચેક ફંડસ ઈન સફીસીયનટ ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ. જે હકીકતની ફરિયાદીને જાણ થતા ફરિયાદીએ નિયત સમયમાં આરોપીને નોટીસ આપેલી જે નોટીસની આરોપીને જાણ થયેથી આરોપી ધ્વારા નોટીસનો જવાબ આપેલ છે પંરતુ તે નોટીસની હકીકતો મજબુત પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આરોપીએ નિયત સમયમર્યાદામાં ફરિયાદીને નોટીસમાં જણાવ્યા મુજબના ચેકના નાણાં પરત કરેલ નથી તેવી હકીકત ફરિયાદ પક્ષ સાબિત કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ તે રીતે "હકારમાં" આપુ છુ.વધુમાં એન.આઈ.એકટ ની કલમ ૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામાં આરોપી પક્ષ નીષ્ફળ ગયેલાનુ રેકર્ડ પરથી ફલીત થાય છે. આરોપી પક્ષે સદર કાયદાકીય જોગવાઈ હેઠળ પોતાનો બચાવ સંભાવનાની પ્રબળતા (Preponderence of probability) ના સિધ્ધાંત મુજબ પુરવાર કરવાનો રહે છે. પરંતુ આરોપી પક્ષે ખંડનાત્મક હકીકતો રેકર્ડ પર લાવેલ નથી. આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા

આરોપી વૈધાનીક અનુમાનનું ખંડન કરવામાં નીષ્ફળ નીવડેલ હોય જેથી **મુદ્દા નંબર ૨** નો ''નકારમા'' આપી મુદ્દા નંબર ૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::– હુકમ –::

(૧) આ કામના આરોપી પરમાર બાલાભાઈ જોધાજી, રહે. બુટાલ, ધનસુરા, તા. ધનસુરા, જી. અરવલ્લી નાઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ– ૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં બી.એન.એસ.એસ. ની કલમ– ૩૯૫(૩) અન્વયે આરોપીએ તકરારી ચેકની રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– અંકે રુપિયા એક લાખ પચાસ હજાર પુરા હાલનો હુકમ થયેથી દીન–૩૦ મા ફરીયાદીને વતળર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી આ વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ હાલના કામે કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો બી.એન.એસ.એસ.ની કલમ– ૪૬૮ મુજબ મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ – ૧૮ માહે–ઓગસ્ટ સને– ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ધનસુરા.
તા.૧૮/૦૮/૨૦૨૬

(એ.એ.જાની)
જ્યુડીશીયલ.મેજી.ફર્સ્ટ કલાસ.
ધનસુરા.કોડ નં.જી.જે.૦૧૬૪૪